ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સ: ૨૩૫૦૧૨
E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E C.-Minuts 9th Sap '19 – Sp Meet / 769 તા. ૧૧/૧૦/'૧૯

પ્રતિ,
પ્રોફે. ડી.સી.ધોળકીયા
માનનીય કાર્યકારી કુલપતિશ્રી,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ.

**વિષય :** ગત **તારીખ ૯મી સ્પટે.૨૦૧૯નાં** રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ **ખાસ બેઠકની** મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કાર્યકારી કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને **તારીખ ૯મી સપ્ટે. ૨૦૧૯**ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની **ખાસ બેઠક**ની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :**
૧. માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ જાણ સારૂ.
૨. માનનીય કુલસચિવશ્રીનાં કાર્યાલય તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

# તારીખ ૯મી સ્પટેમ્બર ૨૦૧૯નાં રોજ બપોરે ૦૩ :૩૦ કલાકે યુનિવર્સિટી કેમ્પસ ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની ખાસ સભાની

## મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૯મી સ્પટેમ્બર ૨૦૧૯ને સોમવારનાં બપોરે ૦૩ : ૩૦ કલાકે યુનિવર્સિટી કેમ્પસ ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની **ખાસ બેઠક** માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારવામા આવ્યા હતા અને કાર્યકારી કુલપતિશ્રી પ્રો.ડૉ. ડી. સી. ધોળકિયાએ આજની આ ખાસ બેઠક તત્કાલ યોજવા સંબંધિત હેતુની માહિતિ આપી હતી અને ત્યાર બાદ, આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ અને હોદ્દો | હાજર / ગેરહાજર |
|---|---|
| પ્રો.ડૉ. ડી. સી. ધોળકિયા **–અધ્યક્ષશ્રી**<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન, **–સભ્યશ્રી**<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન, **–સભ્યશ્રી**<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| પ્રો.ડૉ.શ્રી ડી.એમ.બકરાણીયા **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | ગેર હાજર |
| પ્રો. ડૉ.શ્રી પી. એસ.હિરાણી **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એસ.જી.ધર્માણી **–સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એમ.કે.પંડયા **–સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ કોમર્સ,આદિપુર – કચ્છ. | હાજર |
| પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠકકર **–સભ્યશ્રી**<br>પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. **–સભ્યશ્રી**<br>એસોસીયેટ પ્રોફેસર, ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ – કચ્છ. | ગેર હાજર |
| શ્રી પ્રવિણભાઈ વી. પિંડોરીયા **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ – કચ્છ. | હાજર |
| શ્રી અરૂણભાઈ એચ.ભીન્ડે **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, આદિપુર –કચ્છ. | હાજર |
| પ્રો.ડૉ. શ્રી એમ.જી.ઠકકર **–મેમ્બર સેક્રેટરી**<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ.) | હાજર |

ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

**કરાર આધારિત પધ્ધતિથી ફિક્ષ પગારથી નિમાયેલ બિન શૈક્ષણિક સ્ટાફ સંબંધે દાખલ કરવામા આવેલ ઈપીએફ કેસ અન્વયે સંબંધિત સંસ્થાના આદેશ મુજબ સ્ટાફે ભરપાઈ કરવાપાત્ર ફાળાની રકમ યુનિવર્સિટીએ ભરવા થયેલ આદેશ બાબત :**

કરાર આધારિત પધ્ધતિથી ફિક્ષ પગારથી નિમાયેલ બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા દાખલ કરવામા આવેલ ઈપીએફ કેસ અન્વયે સંબંધિત સંસ્થાના આદેશ મુજબ યુનિવર્સિટીએ ભરવાપાત્ર ફાળાની રકમ અત્રેથી ભરી દેવામા આવેલ છે, અને સંબંધિત સંસ્થાના આદેશ મુજબ સ્ટાફે ભરપાઈ કરવાપાત્ર ફાળાની રકમ યુનિવર્સિટીને ભરવા થયેલ આદેશ અન્વયે સદર ચૂકવણું કરવું કે અપીલમાં જવુ તે અંગેની ચર્ચા ગત તારીખ ૨૯મી ઓગષ્ટ ૨૦૧૯નાં રોજ મળેલ બેઠકનાં કાર્યસૂચિ ક્રમાંક : ૬.૮ અન્વયે હાથ ધરવામા આવેલ હતી જે અન્વયે સંબંધિત કચેરી પાસેથી અપીલમા જવા માટે માર્ગદર્શન મેળવવા નિયત કરવામા આવેલ હતું સદર બાબતે કોઈ પણ કાર્યવાહી અત્રેથી હાથ ધરવામા આવે તે સમય દરમ્યાન જ ઈપીએફ કચેરીનાં પત્ર ક્રમાંક : No.GJ/EPFO/DO/GIM/78531/489 Dt.30/8/19 દ્વારા યુનિયન બેંક,ભુજને અત્રેનાં સરકારી ગ્રાન્ટ ખાતા માંથી **રૂ. ૩૭,૬૦,૮૮૮/-** વપરાશ હેતુ સ્થગિત કરવા આદેશ કરવામા આવેલ છે અને Employee's Provident Funds and Miscellaneous Provisions Act,1952 ની કલમ-૮ બી થી ૮ જી અન્વયે સદર રકમ ઈપીએફ ઓફિસનાં ખાતે સીધી તબદીલ કરવાપાત્ર બનશે.તેવું બેંક દ્વારા જણાવવામા આવેલ છે અને બેંકની મૌખિક માહિતિ મુજબ સદર રકમ સંબંધિત ઓફિસનાં ખાતે ૨૪ કલાકમાં જમા થઈ શકે છે. ઈપીએફ કચેરી દ્વારા અત્રે સદર વિગતે કોઈ આદેશ/સૂચના આપવામા આવેલ નથી. સદર બાબતેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૧ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે,સમગ્ર પરિસ્થિતિઓને ધ્યાને લેતા હાલના તબક્કે ગત તારીખ ૨૯મી ઓગષ્ટ ૨૦૧૯નાં રોજ મળેલ બેઠકનાં કાર્યસૂચિ ક્રમાંક અને ઠરાવ ક્રમાંક : ૬.૮ અન્વયે નિયત થયા મુજબ, વર્ષ ૨૦૦૬ની અસરથી સ્ટાફે ભરવાપાત્ર ફાળાની રકમ તેઓ પાસેથી વસૂલવી અને તે માટે સ્ટાફ પાસેથી બાંહેધરી સત્વરે મેળવવી જો, નિયત સમય મર્યાદામા બાહંધરી ન આપે તો, તેઓ પોતાનો ફાળો ભરવા તૈયાર છે તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવી અને વકીલનું મંતવ્ય મેળવી અપીલ સંબંધિત કાર્યવાહી હાથ ધરવી.**

**વધુમાં,સદર કામગીરી હાથ ધરવા માટે સત્વરે વહીવટી નિર્ણય લઈ શકાય અને કામગીરી સુચારૂ રીતે પાર પાડી શકાય તે હેતુને મધ્યે નજર રાખતાં નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે.**

**૧.** પ્રો.ડૉ. ડી. સી. ધોળકિયા
માનનીય કાર્યકારી કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ - કચ્છ.

**૨.** શ્રી પ્રવિણભાઈ વી. પિંડોરીયા
એકિઝકયૂટીવ કાઉન્સિલના સભ્યશ્રી

**૩.** પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠકકર
એકિઝકયૂટીવ કાઉન્સિલના સભ્યશ્રી

**૨. ચાર્જ એલાઉન્સની ચૂકવાયેલ રકમ સરકારી ગ્રાન્ટ/ફંડ માંથી આકારવામા આવેલ હતી જે રકમ યુનિવર્સિટીના સ્વભંડોળ માંથી આકારવા અને તે રકમ સરકારી ગ્રાન્ટ/ફંડમાં તબદીલ કરવા અને હવે પછીથી સદર ખર્ચ યુનિવર્સિટીના સ્વભંડોળ માંથી આકારવા બાબત :**

લોકલ ફંડ દ્વારા હાથ ધરવામા આવી રહેલ નાણાકીય વ્યવહારોની ઓડિટ કાર્યવાહી અન્વયે પાઠવવામા આવેલ પારા–૭૪ મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭થી આજ દિન સુધી યુનિવર્સિટીનાં મહેકમ પર નિયુકત થયેલ અધિકારીશ્રીઓને તેઓને ફાળવવામા આવેલ વધારાની ફરજો માટે ચાર્જ એલાઉન્સની રકમ ચૂકવવામા આવેલ છે તે રકમ સરકારી ગ્રાન્ટ/ફંડ માંથી આકારવામા આવેલ છે જે સરકારી ધારા ધોરણોથી વિસંગત હોઈ, આ ખર્ચ યુનિવર્સિટીના સ્વભંડોળ માંથી આકારવા સૂચિત કરવામા આવેલ છે. આ અનિયમિત ચૂકવણું વર્ષ ૨૦૧૭–૧૮ સુધીની રૂ. ૪,૭૧,૬૬૧/– થવા જાય છે તે રકમની આકારણી સરકારી ગ્રાન્ટ/ફંડ માંથી, યુનિવર્સિટીના સ્વભંડોળમાં કરવા તથા હવે પછી આ ખર્ચ યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી આકારવાપાત્ર બને છે તે સૂચન અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૨ : આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, વિવિધ ચાર્જ એલાઉન્સની રકમ સ્વભંડોળ માંથી આકારવી તેમજ સરકારી ગ્રાન્ટ/ફંડ માંથી આકારવા સંબંધે શિક્ષણ વિભાગ,ગુજરાત સરકારનું માર્ગદર્શન અને યોગ્ય મંજૂરીઓ મેળવ્યા બાદ જ સરકારી ફંડ માંથી જે તે રકમ આકારવી.**

**૩. સમાજશાસ્ત્ર વિભાગ ખાતે નિયમિત નિમણૂંક મેળવી આસિસ્ટન્ટ પ્રોફેસર તથા કાર્યકારી વિભાગાઅધ્યક્ષ તરીકે ફરજ બજાવતા ડૉ.જયદેવસિંહ રાયજાદા સામે તેઓનાં વિભાગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તથા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ,કચ્છની રજૂઆત અન્વયે હાથ ધરાયેલ કાર્યવાહીની જાણ કરવા બાબત :**

ડૉ.જયદેવસિંહ રાયજાદા – આસિસ્ટન્ટ પ્રોફેસર વિરુધ્ધ, તેઓનાં વિભાગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા તા.૯/૮/૧૯નાં રોજ થયેલ રજૂઆત મુજબ ડૉ.જયદેવસિંહ રાયજાદાએ વિદ્યાર્થીઓ સાથે કરેલ દુરવ્યવહાર તથા મૈખિક રીતે આપેલ ધમકીઓ સબબ ન્યાય આપવા જણાવેલ હતુ તેમજ સદર બાબતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ,કચ્છ દ્વારા તા. ૫/૯/૧૯નાં રોજ રૂબરૂ રજૂઆત ઉગ્ર સ્વરૂપે અને લેખિતમાં કરવામા આવેલ હતી જેને અનુલક્ષીને અત્રેનાં પત્ર ક્રમાંક : રેફ.નં.કયુ/રજી./૨૦૧૯/૬૪ તા. ૭/૯/૧૯ મારફતે ડૉ.જયદેવસિંહ રાયજાદાને કારણ દર્શક નોટિસ પાઠવવામા આવેલ હતી. સદર બાબતની જાણ સભાને કરવામાં આવી તથા તે માટેની આગળની કાર્યવાહી અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૩ :** આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે,વિદ્યાર્થીઓ તથા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ,કચ્છની રજૂઆત સબબ ડૉ.જયદેવસિંહ રાયજાદાને પાઠવવામા આવેલ કારણ દર્શક નોટીસ સંબંધિત કાર્યવાહી અંગે નોંધ લેવામા આવે છે અને ડૉ.જયદેવસિંહ રાયજાદાને તેઓના ખૂલાસા રજૂ કરવા માટે આપવામા આવેલ સમય મર્યાદા બાદ તેઓ દ્વારા રજૂ કરાયેલ સ્પષ્ટતા સાથે આગળની કાર્યવાહી અંગે વિચારણા હાથ ધરવી.

વધુમાં, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, કચ્છ દ્વારા કાર્યકારી કુલસચિવશ્રી પ્રો.ડૉ.એમ.જી.ઠક્કર સામે મૂકેલ આરોપ સત્યથી વેગળા હોઈ,સદર બાબતની જાણ જિલ્લા પ્રસાશનનાં સંબંધિત વિભાગને નિવેદન સ્વરૂપે કરવી.

૪. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...

(૧) ઓ.એસ.ડી.(ફા.) તરીકેની ફરજોની સેવા મેળવવા સંબંધે વધારાની કામગીરી તરીકે સદર ફરજની ફાળવવણી કરવા બાબત :

યુનિવર્સિટીના મહેકમ સંદર્ભે ઓ.એસ.ડી.(ફા.)ની મંજૂર થયેલ પરંતુ ખાલી રહેલ જગ્યા પર હાલે વધારાની ફરજો તરીકે પણ આ જવાબદારી ફાળવવામા આવેલ નથી માટે રોજ–બ–રોજનાં નાણાકીય વ્યવહારો સંબંધે તથા હિસાબી શાખાનાં વહીવટી કાર્યમાં અવરોધ ઉભો થાય છે માટે સદર જગ્યા અંગેની ફરજો, વધારાની ફરજ તરીકે ફાળવવાની આવશ્યકતા છે તે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૪ :** આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે,સદર ફરજોની ગંભીરતા તથા જરૂરિયાતને મધ્યે નજર રાખતાં ડૉ. તેજલ શેઠ–પરીક્ષા નિયામકશ્રીને ઓ.એસ.ડી.(ફા.) તરીકેની ફરજોની સેવા મેળવવા સંબંધે વધારાની કામગીરી ફાળવવી તથા તે સંબંધે ચૂકવવાપાત્ર ચાર્જ એલાઉન્સ ચૂકવવા.

(૨) કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ ખાતે ચાલતા એમ.બી.એ.અભ્યાસક્રમની એઆઈસીટીઈની માન્યાતા અન્વયે પૂર્ણ કરવાપાત્ર શરતો અન્વયે વ્યવસ્થા ઉભી કરવા બાબત :

યુનિવર્સિટીનાં કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ ખાતે ચાલતા એમ.બી.એ. અભ્યાસક્રમ સંબંધે એઆઈસીટીઈ,ન્યુ દિલ્હીની માન્યતા મેળવવાપાત્ર બને છે જે અનુસંધાને બાકી રહેતી શરતોની પૂર્તતા કરવાની રહે છે તે અંગે સંબંધિત વિભાગની રજૂઆત અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૫ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ ખાતે ચાલતા એમ.બી.એ. અભ્યાસક્રમ સંબંધે એઆઈસીટીઈ,ન્યુ દિલ્હીની માન્યતા ચાલુ રાખવા સબબ શરત પૂર્તતા માટે રજૂ કરાયેલ વિગતે વયવસ્થા ઉભી કરવા માટે સંબંધિત વિભાગની ગ્રાન્ટ ઈન એઈડનાં ધોરણે થયેલ આવકમાંથી રૂા. ૮,૦૦,૦૦૦/– અંકે રૂપિયા આઠ લાખ સુધીની મર્યાદામા ખર્ચ કરી શરત મુજબની વ્યવસ્થા ઉભી કરવી અને સદર શરત પૂર્તતા માટે આયોજન અને ખર્ચ સંબંધે યોગ્ય હિસાબો રજૂ કરવા.**

**(૩) The Institute Company Secretary of India, New Delhi દ્વારા વાણિજ્ય વિદ્યાશાખાના સ્નાતક કક્ષના (બી.કોમ.) અભ્યાસક્રમ અન્વયે યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ ક્રમાંકને Signature Award તથા પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને ફી માફીનો લાભ આપવા મળેલ દરખાસ્ત બાબત :**

ડૉ. એમ.કે.પંડયા –એકિઝ.કાઉન્સિના સભ્યશ્રીના સહયોગથી The Institute Company Secretary of India, New Delhi દ્વારા વાણિજ્ય વિદ્યાશાખાના સ્નાતક કક્ષના (બી.કોમ.) અભ્યાસક્રમ અન્વયે યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીને Signature Award તથા પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓ જો સદર ઈન્સ્ટીટ્યુટમાં ચાલતા કંપની સેક્રેટરીના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છીત હશે તો તેઓને સંપૂણ પણે ફી માફીના લાભ આપવા રાજકોટ સેકટરના પ્રેસિડન્ટે દરખાસ્ત રજૂ કરેલ છે તેઓની દરખાસ્ત મુજબ સદર એવોર્ડ તથા ફી માફીના લાભને અન્ય કોઈ પણ પ્રકારના એવોર્ડ સાથે ન જોડાતા એક અલગ એવોર્ડ તરીકે બહાલ રાખવા પણ રજૂઆત કરવામા આવેલ છે તે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૬ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, The Institute Company Secretary of India, New Delhi ના રાજકોટ સેકટરના પ્રેસિડન્ટે, વાણિજય વિદ્યાશાખાના સ્નાતક કક્ષના (બી.કોમ.) અભ્યાસક્રમ અન્વયે યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીને Signature Award તથા પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓ સદર ઈન્સ્ટીટ્યુટમાં ચાલતા કંપની સેક્રેટરીના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છીત હશે તો તેઓને સંપૂણ પણે ફી માફીના લાભ આપવા થયેલ દરખાસ્ત વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક હોઈ તેનો સ્વીકાર કરવામા આવે છે.**

**સદર બાબતે આગામી માર્ચ / એપ્રિલ '૨૦૨૦ અન્વયે લેવાનાર પરીક્ષા પરિણામથી અમલી કરણમા મૂકવો.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે ખાસ સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

---

**કુલસચિવ**
**ઈ/ચા કુલસચિવ**
**કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી**
**ભુજ–કચ્છ.**